દાખલ તારીખ:–૦૭/૦૧/૨૦૨૫
ફેંસલ તારીખ :–૦૧/૦૨/૨૦૨૫
સમયગાળો :– વર્ષ મહિના દિવસ
૦૦ ૦૦ ૨૫

**અમદાવાદ શહેરના મે. ૯ માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ શ્રી ડી.વી.પટેલ સાહેબ સમક્ષ, (કોર્ટ નં.૨૦), અમદાવાદ**

---

**ક્રિમીનલ કેસ નંબર:–૪૧૧૭/૨૦૨૫**

**આંક–૧૨**

| | એફ.આઈ.આર.ની વિગતો /ગુનો અને પોલીસ સ્ટેશન |
|---|---|
| પોલીસ સ્ટેશન :– | ઓઢવ પોલીસ સ્ટેશન, ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૧૧૯૧૦૩૭૨૪૦૦૩૫/૨૦૨૪ |
| ગુનો :– | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ– ૩૭૯ મુજબ |

**FORM A**

| | |
|---|---|
| તહોમતનામા મુજબ તહોમત :– | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ–૩૭૯ મુજબ |
| ફરિયાદી :– | શ્રી સરકાર (સ્ટેટ ઓફ ગુજરાત)<br>(મુળ ફરિયાદી–અકાજી શંભુજી ઠાકોર) |
| વિ.એ.પી.પી.શ્રી :– | શ્રી ડી.સી.ગોસ્વામી |
| આરોપી :– | પ્રવિણ ઉર્ફે પોપટ સ/ઓ શંકરભાઈ જોરાવરભાઈ નટ (બજાણીયા), ઉ.વ.૨૧<br>રહે:–પશુનાથ મંદિરની સામે, તલાવડીના છાપરા, સીંગરવા ગામ,અમદાવાદ |
| આરોપી તરફે વિ.વકીલશ્રી:– | શ્રી એન.એ.મલેક |

**FORM B**

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ :– | તા. ૧૩/૦૧/૨૦૨૪ |
| ફરિયાદની તારીખ :– | તા. ૧૩/૦૧/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ :– | તા. ૦૨/૦૧/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યાની તારીખ :– | તા. ૧૬/૦૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ :– | તા. ૧૭/૦૧/૨૦૨૫ |
| કેસ જજમેન્ટ ઉપર આવ્યાની તારીખ :– | તા. ૧૭/૦૧/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. |

## આરોપીની વિગતો :-

| આરોપી નંબર | આરોપીનું નામ | ઘરપકડની તારીખ | જામીન મુકત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે ? | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોડની કલમ-૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રવિણ ઉર્ફે પોપટ સ/ઓ શંકરભાઈ જોરાવરભાઈ નટ (બજાણીયા) | ૨૮/૧૧/૨૦૨૪ | જામીન મુકત | ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ-૩૭૯ મુજબ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે. | .... | ..... |

## FORM C
## <u>ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ</u>

### (એ) <u>ફરિયાદપક્ષનો મૌખિક પુરાવો</u>

**-: <u>મૌખિક પુરાવો</u> :-**

| સા.નં. | સાહેદનું નામ | વિગત | આંક |
|---|---|---|---|
| ૧. | અકાજી શંભુજી ઠાકોરની જુબાની | ફરિયાદી | ૦૬ |

### (બી) બચાવપક્ષે સાહેદો જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| - | - | - |

### (સી) કોર્ટ સાહેદ જો હોય તો,

| સા.નં. | સાહેદનું નામ | કયા પ્રકારનો સાહેદ/પુરાવો |
|---|---|---|
| - | - | - |

### ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા:-

| અ.નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૦૭ |
| ૨. | બનાવવાળી જગ્યાનું પંચનામું | ૦૮ |

| | | |
|---|---|---|
| ૩. | મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું | ૦૯ |
| ૪. | રીકવરી પંચનામું | ૧૦ |

**બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજો**

| અ.નં. | દસ્તાવેજનું નામ | દસ્તાવેજનું વર્ણન |
|---|---|---|
| – | – | – |

**મુદ્દામાલની વિગત**

**મુદ્દામાલ પાવતી નં.૧૦૭/૨૦૨૪, તા.૦૯/૦૩/૨૦૨૪**

| અ.નં. | આર્ટીકલ નંબર | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧. | ૧ | મોટરસાયકલ–૧ નંગ |

**–: ચુકાદો :–**

(૧.૦૦) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, આ કામના ફરિયાદી નાઓએ ગઈ તા.૧૩/૧/૨૦૨૪ ના રોજ ક.૦૫:૦૦ વાગે પોતાના કબજાની કિં.રૂા.૪૦,૦૦૦/– ના મતાની જીજે.૨૪.એ.કે.૦૬૬૬ નંબરની હોન્ડા સાઈન મોટર સાયકલ ઓઢવ ઓઢવ વિરાટનગર ઓવરબ્રીજના નીચે લોક મારી જાહેરમાં પાર્ક કરેલ હતી તે દરમ્યાનમાં આરોપી પ્રવિણ ઉર્ફે પોપટ નાઓએ ફરિયાદીની હોન્ડા સાઈન મોટર સાયકલ ઓઢવ વિરાટનગર ઓવરબ્રીજના નીચેથી ચોરી કરી મોટર સાયકલનો ઉપયોગ કરી ઓઢવ વિસ્તારમાં બીનવારસી છોડી દઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ ફરિયાદીએ ઓઢવ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા તેના આધારે ત.ક.અમલદારે ફ.ગુ.ર. નં.૧૧૧૯૧ ૦૩૭૨૪૦૦૩૫/૨૦૨૪થી ફરિયાદ નોંધી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતાથી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૭૯ મુજબનો ગુન્હો નોંધવામાં આવેલ હતો.

(૨.૦૦) આ કામે તપાસ કરનાર અમલદારે ગુન્હાની તપાસ હાથ ધરેલી અને સંબંધીત સાહેદોના નિવેદનો નોંધી, બનાવવાળી જગ્યાનું પંચનામુ, મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામું અને તપાસનાં અંતે આરોપીઓની સંડોવણી ખુલતા તથા હાલનાં આરોપીઓ વિરૂધ્ધ ગુન્હો બનતો હોય તે ગુનાનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ હતું.

(૩.૦૦) આ કામમાં તપાસ કરનાર અમલદારે અદાલતમાં ચાર્જશીટ રજૂ કરતો ગુન્હાનું કોગ્નીઝન્સ લઈ આરોપીઓની સામે સમન્સ કાઢવામાં આવેલ હતો. આરોપીને સમન્સ બજી જતાં, તેઓ અદાલત સમક્ષ હાજર રહેલ અને પોલીસ પેપર્સની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલ હતી. ત્યારબાદ આ અદાલત ધ્વારા આંક-૦૪ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીની આંક-૦૫ થી પ્લી નોંધવામાં આવેલ અને આરોપી ગુન્હો કબુલ હોવાનો ઈન્કાર કરતાં, તેઓની સામે ઈન્સાફી કાર્યવાહી ખુલ્લી અદાલતમાં આગળ ચલાવવામાં આવેલ હતી.

(૪.૦૦) ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી તથા મુળ ફરિયાદીની આંક-૧૧ ની પુરાવો પુરો થયાની પુરસીસ થી ફરિયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫.૦૦) ત્યારપછી આરોપીની વિરુધ્ધની પુરાવાની કોઈ હકીકતો રેકર્ડ ઉપર આવેલ ન હોય, આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬.૦૦) ત્યારબાદ બંને પક્ષકારોની દલીલો સાંભળવામાં આવી.

(૭.૦૦) આ કેસની હકીકત ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

(૧) શું ફરિયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર એ હકીકત પુરવાર કરી શકે છે કે,આ કામના ફરિયાદી નાઓએ ગઈ તા.૧૩/૧/૨૦૨૪ ના રોજ ક.૦૫:૦૦ વાગે પોતાના કબજાની કિં.રૂા.૪૦,૦૦૦/- ના મતાની જીજે.૨૪.એ.કે.૦૬૬૬ નંબરની હોન્ડા સાઈન મોટર સાયકલ ઓઢવ ઓઢવ વિરાટનગર ઓવરબ્રીજના નીચે લોક મારી જાહેરમાં પાર્ક કરેલ હતી તે દરમ્યાનમાં આરોપી પ્રવિણ ઉર્ફે પોપટ નાઓએ ફરિયાદીની હોન્ડા સાઈન મોટર સાયકલ ઓઢવ વિરાટનગર ઓવરબ્રીજના નીચેથી ચોરી કરી મોટર સાયકલનો ઉપયોગ કરી ઓઢવ

વિસ્તારમાં બીનવારસી છોડી દઈ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ–૩૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭.૦૧) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮.૦૦) ઉપરોકત નિર્ણય માટેના મારા કારણો નીચે મુજબ છે :

**કારણો**

**મુદ્દાનં. ૧:–**

**(૮.૧)** આ કામે આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા સારૂ ફરિયાદપક્ષે આંક–૦૬ થી ફરિયાદી અકાજી શંભુજી ઠાકોરને તપાસેલ છે, તેઓ તેમના પુરાવામાં જણાવે છે કે, બનાવ ૨૦૨૪ના વર્ષમાં બનેલો. તે વખતે તેમની મોટરસાયકલની ચોરી થયેલી. આ ચોરી કોણે કરેલી કેવી રીતે બનાવ બનેલ તે કહી શકે નહી. બનાવ અંગે તેઓએ ફરિયાદ આપેલી. જે અસલ ફરિયાદ તેઓને બતાવતાં તેમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૦૭ થી રજુ રાખેલ છે. આમ, ફરિયાદી પોતાની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોવાથી વિ.એ.પી.પી. શ્રીએ તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલા છે અને તેમની ઉલટ તપાસ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓએ ફરિયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતો પુરાવો આપેલો નથી. ત્યારબાદ બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, આરોપી સાથે તેઓને સમાધાન થઈ ગયેલ છે. એ હકીકત સ્વીકારે છે કે,બાઈકની ચોરી કોણે કરેલી તેની તેઓને ખબર નથી. એ હકીકત સ્વીકારે છે કે, તેઓને તેમનું મુદ્દામાલ બાઈક ના.કોર્ટના હુકમથી મળી ગયેલ છે.

**(૯)** હાલના કામે તપાસવામાં આવેલ સાહેદની જુબાની સિવાય અન્ય કોઈ પુરાવો વિશેષ મહત્વનો રહેતો નથી. આ ઉપરાંત **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાન નં.૮૫ ઉપર ના. સર્વોચ્ચ અદાલતે સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓના ચૂકાદામાં** સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રાયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો

અભિપ્રાય આપતી હોય કે, આ કામમાં હવે પછી વધુ સાહેદ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાહેદો કે તપાસ કરનાર અમલદારને તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આપવા સંભવ નથી તો તેવા સંજોગોમાં પુરાવો લેવાનું બંધ રાખી અદાલતનો કિંમતી સમય દુર્વ્યય થતો અટકાવવો જોઈએ. આમ, સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા તેનું મુખ્ય હાર્દ એવું જણાય છે કે, ચાર્જશીટમાં જણાવેલ તમામે તમામ સાહેદો અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી નથી. એટલું જ નહી, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાહેદો તપાસાઈ ગયા હોય અને તેઓની જુબાની ધ્યાને લેતાં અદાલતને લાગે કે, વિશેષ સાહેદો તપાસવા તે ઔપચારિકતા જ છે. અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી છે તે જોતાં સદર કામે વિશેષ પુરાવો લેવો યોગ્ય જણાયેલ નથી.

(૧૦) પોતાનો કેસ સબળ અને વિશ્વસનીય પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે જયારે ફરિયાદપક્ષના કેસમાં ગંભીર શંકા ઉપસ્થિત થાય ત્યારે તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે, કારણ કે, ફોજદારી પ્રક્રિયાનો આરંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે. સદર કામે ફરિયાદપક્ષ તરફે રજૂ પુરાવો ધ્યાને લેતાં સદર કામના ફરિયાદી તથા સાહેદ પોતાના પુરાવામાં બાઈકની ચોરી કોણે કરેલી અને બનાવ કેવી રીતે બનેલ તેની ખબર ન હોવાનું જણાવે છે. આમ, ફરિયાદપક્ષ એ હકીકત નિ:શંક પણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે કે, આ કામના ફરિયાદી નાઓએ ગઈ તા.૧૩/૧/૨૦૨૪ ના રોજ ક.૦૫:૦૦ વાગે પોતાના કબજાની કિં.રૂા.૪૦,૦૦૦/- ના મતાની જીજે.૨૪.એ.કે.૦૬૬૬ નંબરની હોન્ડા સાઈન મોટર સાયકલ ઓઢવ ઓઢવ વિરાટનગર ઓવરબ્રીજના નીચે લોક મારી જાહેરમાં પાર્ક કરેલ હતી તે દરમ્યાનમાં આરોપી પ્રવિણ ઉર્ફે પોપટ નાઓએ ફરિયાદીની હોન્ડા સાઈન મોટર સાયકલ ઓઢવ વિરાટનગર ઓવરબ્રીજના નીચેથી ચોરી કરી મોટર સાયકલનો ઉપયોગ કરી ઓઢવ વિસ્તારમાં બીનવારસી છોડી દઈ ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ-૩૭૯ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે. જે સંજોગો માં આ કામના આરોપીઓ એ આક્ષેપો મુજબનો ગુનો આચરેલ હોય એવો કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જેથી આ કામના આરોપીએ આક્ષેપિત ગુનાનું તહોમત પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**::આખરી હુકમ ::**

આ કામના આરોપી પ્રવિણ ઉર્ફે પોપટ સ/ઓ શંકરભાઈ જોરાવરભાઈ નટ (બજાણીયા),ઉ.વ.૨૧,રહે:-પશુનાથ મંદિરની સામે, તલાવડીના છાપરા, સીંગરવા ગામ,અમદાવાદ

નાઓને ભારતીય નાગરિક સુરક્ષા અધિનિય, ૨૦૨૩ની કલમ–૨૭૧ (૧) અન્વયે ઈ.પી.કો.કલમ–૩૭૯ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાં નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ ફરમાવું છું.

મુદ્દામાલ વાહન અંગે વચગાળાનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ સંભવિત અપીલ થવાના કિસ્સામાં હાજર રહેવા સારૂ રૂા. ૫૦૦૦/– ના સધ્ધર જામીન તથા જાતમુચરકા રજૂ કરવા.

આ હુકમ આજ તારીખ–૦૧જી માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૧/૦૨/૨૦૨૫

(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)
૯ માં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, (કોર્ટ નં.૨૦)
(કોડ નં.જીજે ૦૦૯૨૫)

**કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.**

**(૧)** અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલતમાં જાહેર થયા મુજબ યોગ્ય રીતે ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

**(૨)** બોર્ડ કલાર્કશ્રીએ સદર કેસ/અરજી ચેક વેરીફાઈ કરવી.

**(૩)** રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તારીખ:–૦૧/૦૨/૨૦૨૫
અમદાવાદ

(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)
૯ માં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,
અમદાવાદ શહેર, (કોર્ટ નં.૨૦)
(કોડ નં.જીજે ૦૦૯૨૫)

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ ચેક વેરીફાઈ કર્યા બાદ અપલોડની કાર્યવાહી કરેલ છે. | |
| ૨ | ચુકાદો આખો ચેક વેરીફાઈ કરેલ છે. | |
| ૩ | હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે. | |